# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

મને ખાલી પુસ્તકીયો ભાર ન આપો, હું શિક્ષક છું.
મને માનવ ધર્મ નો સાર ન આપો, હું શિક્ષક છું.

મારે સાંકળ નહી ઝાકળ ઝીલવાની હોય છે,
આંખે મારી સરોવર બંધિયાર ન આપો, હું શિક્ષક છું.

મારે તો ચાંદ સુરજ ઉગાડવા છે વર્ગખંડમાં,
સાવ મને મશીનનો આકાર ન આપો, હું શિક્ષક છું. .
હું મથું છુ ચોમાસું જીવતું કરવા રોજેરોજ,
મને સુકકા રણ જેવી કટાર ન આપો, હું શિક્ષક છું.

હું તો શાળાના વૃક્ષનું પતંગિયું છુ ભલા આમ,
લડવા હવા સાથે મને કટાર ન આપો, હું શિક્ષક છું. .
હથેળીમાં મે હુંફ સાચવી છે લાગણીની,
તમે મારી હસ્તિને અંગાર ન આપો, હું શિક્ષક છું.

- શૈલેષ પંડ્યા,' નિશેષ'

## પાથેય

- રમેશ ઠક્કર

# આને કહેવાય ગુરૂજી...!

આજે "શિક્ષક દિવસ"...એક આદર્શ અને સાચા શિક્ષકની વાત કરવી છે..એ જ આ દિવસની સાચી ઉજવણી...

અમુક માણસોની શ્રધ્ધા ગજબ હોય છે... જેમકે તળાજાના નિવૃત્ત સંસ્કૃત શિક્ષક ઉમાકાંત રાજયગુરુ..ઉંમર વર્ષ ૮૦ આસપાસ... સાદગી અને પવિત્રતાની મૂર્તિસમા..કોઈપણ પ્રકારના સ્વાર્થ વગર ગુજરાતી ભાષાની જોડણીની સરળતા માટે એક પેશન સાથે કામ કરી રહયા છે.

એમણે જાણે ભેખ ધારણ કર્યો છે. જોડણી,વિરામચિહ્નનો....વ્યુત્પતિ..જેવા ગહન વિષયોને પકડી માતૃભાષાને માંજવાનો યજ્ઞ આદર્યો છે ! એમણે "શ્રીકાર ભાષા વ્યવસ્થા "નામે નાનકડી પુસ્તિકા દ્વારા પોતાની વાત રજુ કરી છે..

"મા,મા-ભોમ, અને માતૃભાષા ત્રણેયની કરો ના કદી ઉપેક્ષા.." ઉમાકાંતભાઈ સાત્વિક શિક્ષકની રીતે કહે છે..મથામણ કરે છે..એ કશું બદલવાનું નથી કહેતા..નવા નિયમો જેવું પણ નહીં માત્ર અમુક પ્રકારે ઈ ઈ ઉ અને ઊ ને કઈ રીતે પ્રયોજવા અને એ દ્વારા ગુજરાતી ભાષાને વધુ લોકભોગ્ય બનાવવી..એની ગરિમાને ઓપ આપવો એ એમનું ધ્યેય છે..આ ગુરૂજી વિદાય લેતી એક સંનિષ્ઠ પેઢીના છેલ્લા સ્તંભ જેવા છે. ભાષા ,વ્યાકરણ,અને મુળાક્ષરોની સમજ અને એ થકી ગુજરાતી ભાષા ,અને અન્ય ભાષાઓ માટેનો એમનો અભ્યાસ અને તારણો આશ્ચર્યજનક છે..તળાજા જેવડા નાનકડા નગરમાં રહીને એમણે આટલું બધું જ્ઞાન કઇ રીતે પ્રાપ્ત કર્યું હશે..? ખરેખર હું તો મંત્રમુગ્ધ છું..મને એમની મૌલિક વાતો ગમે છે..

એમની પાસે સરસ શૈલી છે..અતિ નમ્ર વ્યકિતત્વ છે..વિદ્વતાનો કોઇ ભાર નથી ..કેવળ હળવાશ છે..વાતોનો ખજાનો છે. એ બધામાં માતૃભાષા માટેનો નિસ્વાર્થ પ્રેમ છે...

મીરા શબ્દની એમણે આપેલી વ્યુત્પતિ દંગ કરી દે છે.."મુળ શબ્દ મિહિર એટલે સુર્ય..એના પરથી મિહિરા..મિહરા...અને ક્રમશઃ મીરા..!" બોલો છે ને લાજવાબ..!સુર્યનું નારીકરણ એટલે મીરા..!

મા શબ્દ અંબાનું વિસ્તરણ છે...બાપા એ 'વપ' ધાતુ ઉપરથી આવેલો શબ્દ છે જેનો અર્થ છે આપણામાં કશુંક વાવનાર..! બોલો બાપા કેટલા મહાન છે..?! ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથી અવતરી છે. અને એ વાતનું એમને અનેરું ગૌરવ છે..એમને કોઇના માટે આક્રોશ નથી..આમછતાં શુધ્ધ ઉચ્ચારણ અને ભાષાની શિસ્ત માટે એ આગ્રહી છે. આવી તો અનેક વાતો છે એમની પાસે..મધ્યકાળના મહાકવિ પ્રેમાનંદના એ ગજબ ચાહક છે..ગુજરાતી ભાષાના ગૌરવ માટે પ્રેમાનંદ જેવી જ તાલાવેલી છે..એ માણ ઉપર આખ્યાનો પણ કરે છે..માણભટ્ટની પ્રાચીન પરંપરાને જીવંત કરવાનો એમનો પ્રયત્ન સરાહનીય છે..

આમ એ અવારનવાર બિમાર રહે છે..થાકયા પણ છે..આમછતાં ભાષાની વાત કરતાં એ કલાકો સુધી થાકતા નથી..એમની વાતોને કોઇ ચોકકસ ઘાટમાં ઢાળવાની જરુર છે..ઉમાકાંતભાઇ રાજયગુરુ જેવા સત્વશીલ શિક્ષકોએ જ એક હજાર વર્ષની યુવાન આપણી ગુજરાતી ભાષાને જિવાડી છે..શણગારી છે..સતત તરોતાજા રાખી છે...આજના પવિત્ર દિવસે આવા સાચા શિક્ષકોને યાદ કરી કૃતજ્ઞ બનીએ...

# ગુરૂપદની ગરિમાને અકબંધ રાખીએ

**તંત્રીસ્થાનેથી...**

આપણા બે રાષ્ટ્રપતિ એવા થઈ ગયા કે એમને રાષ્ટ્રપતિ પદ મળ્યું છતાં શિક્ષક તરીકેની ઓળખ જ વધારે સાચવી રાખવા જેવી લાગી. આપણે બીજા રાષ્ટ્રપતિઓનાં નામ કાલાન્તરે કદાચ વીસરી જઈશું પણ રાધાકૃષ્ણન્ અને અબ્દુલ કલામને જરૂર યાદ કરીશું. પૂર્વ રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણન્ એમના સમયના શ્રેષ્ઠ તત્ત્વચિંતક હતા. ફિલસૂફ પ્રોફેસરને તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુ તો પ્રથમ રાષ્ટ્રપતિ બનાવવા ઈચ્છતા હતા પરંતુ બિહારી બાબુ ડૉ. રાજેન્દ્ર પ્રસાદનું એ વખતની કોંગ્રેસમાં પ્રચંડ વર્ચસ્વ હતું. એથી રાજેન્દ્રપ્રસાદને રાષ્ટ્રપતિ તરીકે અને રાધાકૃષ્ણનને ઉપરાષ્ટ્રપતિ તરીકે નિયુક્ત કરાયા હતા. રાજેન્દ્ર પ્રસાદના અવસાન પર્યંત તેઓ રાષ્ટ્રપતિ પદ શોભાવતા રહ્યા હતા. એમના અનુગામી રાષ્ટ્રપતિ તરીકે રાધાકૃષ્ણન આવ્યા જે વળી એમની વિશ્વવ્યાપી પ્રતિભાના જોરે દેશના જગદ્‌ગુરુની ખોવાયેલી ઓળખ પાછી અપાવવા મથતા રહ્યા. એમને પોતાનો જન્મદિવસ 'શિક્ષક દિન' તરીકે ઊજવવામાં સામર્થ્ય ગણ્યું. દેશ આવી પ્રતિભાશાળી રાષ્ટ્રીય વિભૂતિની સ્મૃતિમાં એના શિક્ષકોની કદર કરે છે અને એ રીતે પેલી ઉક્તિ સાર્થક બની રહે છે : સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન્, સર્વત્ર પૂજ્યતે । શિક્ષક દિવસે આપણે માત્ર શિક્ષકની જ નહીં, વિદ્યા અને વિદ્વતાની તથા કેળવણીની પ્રતિષ્ઠા કરીએ છીએ. ચાણક્યે કહ્યું હતું એમ શિક્ષક કયારેય સાધારણ ન હોઈ શકે. એણે તો પેઢીઓ તૈયાર કરવાની હોય છે. ચંદ્રગુપ્ત જેવા એક ઉપેક્ષિત છતાચં લાયક તરુણને હાથ ઉપર લઈ ચાણક્યે ધનાનંદ જેવા ક્રૂર અને પ્રજાવિરોધી રાજાને રાજગાદી પરથી હટાવી દઈ જનસાધારણના પ્રતિનિધિનાં હાથમાં શાસનસૂત્ર સોંપ્યું હતું. લોકતંત્રનાં મૂળ છેક ત્યાં પડેલાં છે. મગધ સામ્રાજય એ ભારતના જ નહીં બલકે વિશ્વના ઈતિહાસનું સોનેરી પ્રકરણ છે. પરંતુ આપણા જ દેશમાં વર્ણાશ્રમ વ્યવસ્થાને લીધે ગુરુ શબ્દને લાંછન લગાડતી 'અંઘૂઠો-ઘટના' પણ બની હતી. દ્રોણાચાર્યે રાજવંશી સિવાય કોઈને વિદ્યાદાન ન કર્યું. ઊલટાનો એકલવ્યનો અગૂંઠે ગુરુદક્ષિણા તરીકે માગી લઈ શિક્ષકધર્મ લજવ્યો. પરશુરામે ક્ષત્રિયદ્વેષને કારણે કર્ણને શીખવેદી વિદ્યા ભૂલી જવાનો શાપ આપી કાઢી મૂક્યો હતો. એ પૂર્વ ગુરુજનોનાં પાપનું પ્રાયશ્ચિત કરનારા આજના વિદ્યાગુરુઓને સમર્પિત દિવસ એટલે 'શિક્ષક દિન.' આપણો દેશ તો અજવાસનો ઉંબરો રહ્યો છે. નાલંદા જેવી વિદ્યાપીઠ વિશ્વની સૌથી પહેલી યુનિવર્સટી હતી જેમાં તત્કાલીન વિશ્વના વિવિધ વિસ્તારોમાંથી વિદ્યાપિપાસુઓ ભણી ગયા હતા. ચીનનો વિદ્‌ન ધુમક્કડ હ્યુ એન સાંગ નાલંદા આવ્યો હતો. અરે, એ વડનગરના બૌદ્ધમઠમાં પણ રહી ગયો હોવાનું એણે પોતાના યાત્રાવૃત્તાંતમાં લખેલું છે. ભારત વિદ્યાની, પ્રકાશની ભૂમિ હતી. એ જ દેશના શિક્ષકને આજે આપણે કેવી દુર્દશા કરી મૂકી છે? જે શિક્ષકને આદરપૂર્વક રાજા પણ નમસ્કાર કરતો હતો તે આજે લોકતંત્રના રાજાઓ માટે નતમસ્તક થઈ શિક્ષણ સિવાયની અનેક પ્રકારની 'ફરજ' બજાવી માંડ પેટિળું રળે છે. એને આવી દુર્દશામાં સબડતો રાખીશું તો ભારત કયારેય એની ખોવાયેલી જગદગુરુ વાણી ગરિમા પ્રાપ્ત નહીં કરી શકે. શિક્ષણની નવી પ્રણાલી અમલી બને ત્યારે શિક્ષકને એની જૂગજૂની ગરિમા પાછી મળે એવું કંઈક આયોજન થવું જોઈએ. અત્યારે તો પ્રાથમિક શાળાઓ સરકારી શિક્ષક જાણે 'બોન્ડેડ લેબરર' હોય એમ એની પાસેથી તમામ પ્રકારની મજૂરી કરાવાય છે. વસતિ ગણતરીથી લઈ ચૂંટણી કાર્યક્રમ અને પદાધિકારીઓ તથા નેતાઓની સભાઓમાં સંખ્યા ભેગી કરવાનાં લક્ષ્યાંકો અપાય છે ! આવાં લક્ષ્યાંકો સિદ્ધ કરનાર શિક્ષકને જ શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડ અપાતા રહેશે તો પેલો સાચો વિદ્યા ઉપાસક શિક્ષક તો હાંસિયે જ ધકેલાઈ જશે. જરા જાપાન જઈને જોઈ આવો તો સમજાશે કે પ્રાથમિક શિક્ષક શી ચીજ હોઈ શકે છે !

# ગુજરાત ઓનરશીપ ફ્લેટ એક્ટ-૧૯૭૩ ના નવીન સુધારા

## ધ રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એકટમાં તા.૨૬/૦૩/૨૦૧૬થી સુધારા કરવામાં આવેલ છે




ધ રીયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ એકટમાં તા.૨૬/૦૩/૨૦૧૬થી સુધારા કરવામાં આવેલ છે. જે રીયલ એસ્ટેટ એકટ,૧૯૭૩ થી અમલમાં આવેલ છે. જે કાયદા તથા સુધારા તાજેતરમાં મુજબ ગુજરાત હાઈકોર્ટે છેતરપીડીંના કેસમાં હુકમ કરતા કાયદો અને વ્યવસ્થાના ભાગ રૂપે એક પરિપત્ર તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે બહાર પાડી રાજયના તમામ પોલીસ કમિશ્નર, રેન્જ આઈજી અને પોલીસ વડાને પરિપત્રમાં જણાવ્યું છે કે, ગ્રાહકો સાથે છેતરપીડીં આચરતા બિલ્ડરો સામે ફોજદારી પગલા તાત્કાલિક ભરવા તેમજ જો ગ્રાહકોની બિલ્ડર વિરૂધ્ધ ફરીયાદ હોય તો ત્વરીત એફ.આઈ.આર. કરવી અને તપાસ કરી પગાલ ભરવા પહેલા આવી ફરીયાદ પોલીસ સ્ટેશને લેવામાં આવતી ન હતી અને અધિકારી જણાવતા હતા કે, આ કેસ તો સીવીલ કેસ છે કોર્ટ માં જાઓ જેથી ગ્રાહકો ગ્રાહક સુરક્ષા અથવા તો સીવીલ રાહે દાદ મેળવવા જતા ઘણા વર્ષો નિકળી જતા અને બિલ્ડરો કાયદાકીય લાભ મેળવી ટેકનિકલ કારણોસર છટકી જતા, હવે આવો છેતરપીંડી આચરનાર બિલ્ડરોને આ પરિપત્રથી બક્ષવામાં નહી આવે અને બિલ્ડરો ઉપર કાયદાનો ગાળીયો કસાય તેવા ઉજળા સંજોગો ગ્રાહકો માટે છે.

બિલ્ડરો પ્લાનમાં અલગ દર્શાવતા અને પ્લાન પાસ બાદ જગ્યા વેચાણ કરી નાખતા અને ઘણી વખત તો કોમન પ્લોટ શુધ્ધામાં બાંધકામ કરી વેચાણ કરતા હતા એ જે પ્લાન પાસમાં દર્શાવેલ સુવિધાઓ હશે તેમજ બિલ્ડીંગ બાયોલોઝમાં જણાવેલ કોમન એમીનીટી દર્શાવેલ હશે તો પ્રમાણે જ ગ્રાહકોને સુવિધ્ધા આપી બાંધકામ કરવાનું રહેશે તેમાં ભંગ કરનાર સામે ફોજદારી રાહે પગલા ભરવામાં આવશે.

ભારતમાં રીયલ એસ્ટેટમાં આવેલ તેજીના કારણે બિલાડીના ટોપની જેમ બિલ્ડરો ફૂટી નિકળેલ તેમજ બીજા ધંધા સાથે સંકળાયેલા લોકો પણ બિલ્ડર થઈ ગયા હતા ટૂંકા ગાળામાં વધુ નફો રળનાર લાલચુ અને લેભાગુ બિલ્ડરોનો રાફડો ફાટેલ તેમાં નિર્દોષ ગ્રાહકો છેતરાતા હતા.

ધંધાની હરિફાઈના કારણે તેમજ માલના ભરાવાના કારણે ખોટી ખોટી લોભામણી જાહેરાતો આપી પોતાનો માલ વેચવાની યેનકેન પ્રયુકિત કરી બિલ્ડીંગ વેચાઈ જતા પાયાની સુવિધાઓ જેવી કે કોમન સ્પેસ, બેઝમેન્ટ, પાર્કિંગ સ્પેસ, ટેરેસ, ગાર્ડનની જગ્યામાં પણ દબાણો ઉભા કરી બિલ્ડઅપ અને સુપરબિલ્ડઅપના નામે જગ્યા ગ્રાહકોને પધરાવી દઈ નફો રળી લેતા જેનાથી લોકોને અગવડતા પડતી અને ઘણી વખતનો જાનનું જોખમ ઉભું થતું હોય છે. ફાયર સેફટીની સુવિધાનો પણ અભાવ જોવા મળે છે. ગ્રીન ઝોનની જમીનમાં પણ ટ્રી પ્લાન્ટેશન ના કરી જગ્યામાં દુકાનો ઉભી કરવામાં આવે છે અને પ્લાન પાસ થયા બાદ બીયુ પરમીશન મળ્યા બાદ ગેરકાયદેસર રીતે આવી જગ્યા મળતીયા માણસોને અથવા માથાભારે તત્વોને વેચી દેવામાં આવે છે જેનો ભોગ ગ્રાહકો, ફલેટ ધારકો બને છે.

બિલ્ડર દ્વારા ગેરકાયદેસર દબાણ ઉભુ કરી દેવાયુ હોય તેમજ કોમન સ્પેસ વેચાણ કરી દેવાઈ હોય તો આવા કિસ્સામાં બિલ્ડર વિરૂધ્ધ છેતરપીંડી અને બોગસ દસ્તાવેજનો ગુન્હો દાખલ કરવાનો હુકમ નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૧ માં કરેલ છે તેનો અમલ કરવા માટે જીલ્લા પોલીસ વડાને પરિપત્ર કરવામાં આવેલ છે.

બીયુ પરમીશન મેળવતા પહેલા ટ્રાફિકના મુદ્દે પાર્કિંગની મંજુરી બિલ્ડરે જે તે વિસ્તારના પોલીસ કમિશ્નર પાસેથી મેળવવાની હોય છે અને તે સર્ટીફિકેટ પ્લાન પાસ કરતી કચેરીમાં આપવાનું હોય છે તેમ છતાં ઘણા બધા કિસ્સામાં આવા સર્ટીફિકેટ વગર જ પ્લાન પાસ થઈ જતા હોય છે પાછળથી ગ્રાહકોને પોતાના જ વાહનો પાર્ક કરવામાં બિલ્ડીંગમાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવામાં આવે છે અને બિલ્ડીંગની બહાર રોડ ઉપર જ ફલેટ ધારકોના વાહનો પાર્ક કરવાની ફરજ પડે છે જેનો ભોગ આમ નાગરિક બને છે.

ગુજરાત ઓનરશીપ ફલેટસ એકટ ૧૯૭૩ થી અમલમાં છે પરંતુ તેનું વહિવટી અધિકારીઓ દ્વારા યેનકેન રીતે પાલન કરવામાં આવતું ન હોતું દબાણનો મુદ્દો પોલીસ ખાતાનો નથી તેથી અન્ય વિભાગો સાથે સંયોજન કરી ગેરકાયદેસર દબાણ કરેલ હોય તેવા બિલ્ડરો વિરૂધ્ધ ફોજદારી ફરીયાદ પોલીસ ખાતાએ કરવી જોઈએ ગ્રાહકની ફરીયાદ મળતા જ હવે પોલીસ બિલ્ડરો વિરૂધ્ધ એફ.આઈ.આર. કરતા અચકાશે નહી પરંતુ આ માટે ગ્રાહકોએ ફલેટ ખરીદતા પહેલા સાવચેતી રાખવી જરૂરી છે.

અનુસંધાન પાના નં. ૭ પર

# લાવ થોડીક માવજત વિચારોની પણ કરી લઉં, કહે છે પ્રદુષણે હવે નવા પ્રકારે વિકસવાનું શરું કર્યું છે




એક નાનકડું બાળક ખોવાયું. એના પરિવારજનોએ એક મેસેજ તેના ફોટા સાથે વોટ્સએપ પર મૂક્યો અને એ બાળક મળી ગયું. વોટ્સએપને આ માટે ખાસ આભાર માનવો પડે. હવે લગભગ ત્રણ મહિનાથી પણ વધુ થઈ ગયું હોવા છતાં આ બાળક શાળાએ જઈ શકતું નથી. કેમ? કારણ કે જયારે પણ લોકો તેને જુએ છે, તરત તેને ઘરે મૂકી આવે છે કારણ કે પેલો મેસેજ હજુ વોટ્સએપ પર ફરી રહ્યો છે!

આમ તો આ વાત સાવ હાસ્યાસ્પદ લાગે પણ શાંતિથી વિચારીએ તો ખ્યાલ આવે કે વોટ્સએપ પર ફરતા મેસેજીસૂની કેટલી બદી અસર આપણા પર થાય છે અને જાણે-અજાણ્યે કેવડી મોટી જવાબદારી આપણે શિરે આવી પડી છે. સૌથી પહેલાં છાપા તથા રેડિયો એ બંને માધ્યમ દ્વારા લોકો સુધી માહિતી પહોંચતી હતી! ત્યારબાદ ટીવીનો તેમાં ઉમેરો થયો. પણ ટીવી, રેડિયો કે છાપામાં આવતી આ તમામ વિગતો, તમામ માહિતી પૂરેપૂરી ચકાસણી કે ખરાઈ કર્યા બાદ જ આપણા સુધી પહોચાડવામાં આવે છે. એક પ્રકારની નૈતિક જવાબદારી આ તમામ માધ્યમોની રહેતી હોય છે અને તે છે સમાચાર કેવિગતો કે કોઈ પણ ગંભીર વાતની ગરિમા જાળવવી! હવે જયારે વોટ્સએપ અને ફેસબુકના માધ્યમ દ્વારા તમે કોઈ મેસેજ ફોરવર્ડ કરો છો ત્યારે તમે એક ક્ષણ માટે પણ તેની ખરાઈ કરવી જોઈએ કે નહિ તેનો વિચાર કર્યો છે? ના, માત્ર એક બટન દબાવવાથી આ પ્રકારનો મેસેજ વાયરલ થઈ જાય. તે નૈતિક રીતે ખરું છે કે ખોટું, હકીકતમાં તે કેટલે અંશે યોગ્ય છે એવી બધી બાબતોનો વિચાર સુદ્ધાં આપણે કરતાં નથી!

સવારના પહોરમાં ઊઠતાંની સાથે જ સૌથી પહેલા હાથમાં મોબાઈલ લેવાની આપણને સૌને ટેવ પડી છે અને મોબાઈલ હાથમાં લેતાની સાથે જ પહેલો જ મેસેજ એ હોય કે આ દેવી-દેવતાઓનો ફોટો ૧૦ કે ૧૫ વ્યક્તિઓને તરત Share કરો નહિતર આટલા દિવસમાં કંઈક અશુભ થશે કે શુભ થશે! આપણે સૌએ આવા મેસેજીસ જોયા છે અને કયારેક ફોરવર્ડ પણ કર્યા છે. મોટાભાગના લોકો આ મેસેજીસને અવગણીને તેને ડીલીટ કરી નાખે છે પણ કયારેક માણસ હતાશાથી ઘેરાયેલો હોય, કોઈક પ્રકારના ટેન્શન કે તકલીફમાં હોય તો ડૂબતો તરણું ઝાલે' એ ન્યાયે આ મેસેજ ફોરવર્ડ કરી દેતા હોય છે. ખરેખર આ પ્રકારના મેસેજીનું મહત્ત્વ કેટલું? એ ખરેખર વિચારવાયોગ્ય બાબત છે.

ઘણીવાર લોકો જોયા જાણ્યા કે સમજ્યા વિના જ કોઈના મૃત્યુ કે કોઈના લગ્નની અફવાના મેસેજીસ્ ફોરવર્ડ કરી નાખે છે, સેલીબ્રિટીસને લગતી બિનજરુરી Gossips પણ આ પ્રકારના મેસેજીસનો જ એક ભાગ છે. શું તમે કયારેય એવું વિચાર્યું છે કે દરેકને પોતાની અંગત જીંદગી વિશે જાહેરમાં વાત કરવાનો હક હોય છે! ખાસ કરીને જયારે કોઈ વિશેષ હોદ્દા કે પદ પર પહોંચેલી વ્યક્તિ માટે તેની ઈમેજ કે તેની છબિ વિશેની જાગૃતતા હોવી એ અત્યંત સાહજિક બાબત હોય છે. આપણી માનવતા કે સંવેદનાઓ સાવ મરી પરવારી હોય એ જાતનું હીન વર્તન આપણે કઈ રીતે કરી શકીએ? કોઈ વ્યક્તિ તકલીફમાં હોય ત્યારે સૌથી પહેલું કાર્ય તેની મદદ કરવાનું હોય કે તેની કફોડી સ્થિતિ વિશેનો વીડિયો કે મેસેજ અપલોડ કરવાનું હોય? કોઈની પંચાત કરવી કે કોઈના અંગત જીવનમાં ડોકીયું કરવું અને કોઈની કાળજી લેવી કે Care કરવી એ બંને વચ્ચે એક પાતળી ભેદરેકા હોય છે જે આપણે સમજવું પડશે અને તેની ગરિમા જાળવવી પડશે. આજે તમે જે વીડિયો જોઈને કોઈની હાંસી ઉડાવી રહ્યા છો, કાલે એ જ પરિસ્થિતિમાં તમે પણ મૂકાઈ શકો છો. તે જ રીતે મદદ માટેની બૂમો પાડતી લાચાર મજબૂર વ્યક્તિને પોતે જાતે મદદ કરો અને તે શક્ય ન હોય તો તેને વીડિયો કે ફોટોગ્રાસ લેવાને બદલે મોબાઈલથી જે - તે જગ્યાના સ્થાનિક પોલીસ અધિકારી કે સામાજિક સંસ્થાઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કરો. જેથી કોઈ અનિચ્છનીય બનાવ બનતો અટકાવી શકાય અને એક માણસ તરીકેની આપણી ફરજ અદા કર્યાનો સંતોષ અનુભવી શકાય.

આપણે પોતાની જાતને એ પ્રકારે ટ્રેઈન કરવી જોઈએ કે અમુક ચોક્કસ પ્રકારના મેસેજીસ જ વોટ્સએપ કે ફેસબુક કે કોઈ પણ સોશિયલ મીડિયા પર મૂકીએ. પહેલા નક્કી કરીશું અને પછી જો એ જ પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરીશું તો એ ટેવરુપ બની જશે, પણ બાંધછોડ કરીશું તો આપણે આપણી જાતને જ વફાદાર નહિ રહી શકીએ. શબ્દોની કે મેસેજીસની રચના પણ જો વ્યવસ્થિત ન હોય તો એ અરુચિકર બની શકે છે માટે એ વાતનું ખાસ ધ્યાન રાખી. આપણી ઉપર આવતા થોકબંધ મેસેજીસમાંથી અગત્યના કે ઉપયોગી મેસેજીસ્ જ ધ્યાનમાં લેવાની જાગૃતિ કેળવવી એ આપણા હાથમાં છે. કોઈ વાત સાચી છે કે ખોટી તેની ખરાઈ કરવી એ ખૂબ આવશ્યક છે. થોડોક પણ સંશય મનમાં હોય તો તે મેસેજ ફોરવર્ડ ન જ કરવો. કલ્પેશ ભટ્ટ લખે છે તેમ,

**"લાવ થોડીક માવજત વિચારોની પણ કરી લઉં,
કહે છે પ્રદુષણે હવે નવા પ્રકારે વિકસવાનું શરું કર્યું છે."**

- nehalgadhavi101@gmail.com

# ગુજરાતમાં હજારો પુસ્તક પરબ શરૂ કરનારા સમાજસેવક - કેળવણીકાર પ્રતાપભાઈ પંડ્યાનું ગુજરાત સદા ઋણી રહેશે




કેળવણી, ગ્રામોદ્ધાન અને પુસ્તક-પ્રસાર ક્ષેત્રે માતબર યોગદાન આપનારા સ્વ. પ્રતાપભાઈ પંડ્યાનો જન્મ ચોથી એપ્રિલ, ૧૯૩૮ના રોજ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાનું અડતાળા તેમનું વતન. પિતા જયંતીભાઈ શિક્ષક હતા. માત્ર સાત વર્ષની નાની વયે પ્રતાપભાઈએ પિતાને ગુમાવ્યા હતા. પ્રતાપભાઈનાં માતા ગોદાવરીબહેને પેટે પાટા બાંધીને સંતાનોને ઉછેર્યાં. તેઓ પારકા ઘરનાં કામો કરતાં. ખૂબ શ્રમ કર્યો અને સંતાનોને સંસ્કાર આપ્યા. સંતાનોને ભણાવ્યાં. ગુજરાત આવી સેંકડો ગોદાવરીબહેનોનું ઋણી છે. આવી માતાઓ જો ગુજરાતને ન મળી હોત તો ગુજરાતનો આજે જે વિકાસ દેખાય છે એ હરગિઝ ન થયો હોત. પ્રતાપભાઈ એકથી સાત ધોરણ મોસાળમાં (ભાવનગરના શાહપુર)માં ભણ્યા. પી.ટી.સી.નું શિક્ષણ લોકભારતી સણોસરામાં લીધું. અહીં તેમનું બરાબર ઘડતર થયું. પ્રતાપભાઈનું જીવન લોકનિષ્ઠા અને સમાજના કલ્યાણની ભાવનાથી છલકાતું જીવન હતું. એક શિક્ષક તરીકે તેમણે અનેક પ્રયોગો કર્યા. લોકભારતીના વિદ્યાર્થી પાસેથી જે અપેક્ષા હોય તે તેમણે ચરિતાર્થ કરી હતી. નિવૃત્ત થયા પછી પણ તેઓ સમાજ માટે સતત પ્રવૃત્ત રહ્યા. તેઓ ઘસાઈને ઉજળા થયા છે. તેમના હસ્તે અનેક સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ સતત થતી જ રહી હતી.






૧૯૫૭થી ૧૯૯૩માં તેઓ સ્વૈચ્છિક નિવૃત્ત થયા ત્યાં સુધી, ૩૬ વર્ષ તેમણે શિક્ષક - કેળવણીકાર - લોક શિક્ષક - ગ્રામ ઉદ્ધારક તરીકે જે કામગીરી કરી તેનું એક આખું અલાયદું પુસ્તક કરવું પડે. માતાપિતાના સંસ્કાર અને લોકભારતી સણોસરાની દીક્ષાને તેમણે જીવી બતાવી. જુદાં જુદાં ગામોની પ્રાથમિક શાળાઓમાં એમની બદલી થતી રહી, શિક્ષકમાંથી આચાર્ય થયા અને વિદ્યાર્થીઓને કેળવતા રહ્યા. ૧૯૬૧માં તેમનાં લગ્ન પાલીતાણાનાં રમાગૌરી સાથે થયાં. રમાબહેન પણ શિક્ષકા. આ દંપતીએ ગુજરાતનાં સેંકડો ગામોને સુખી કર્યાં. જ્યાં જ્યાં ગયાં ત્યાં ત્યાં પડકારો ઝીલીને કામ કર્યું અને સફળતા મેળવી. શિક્ષક, જીવનસાધક, પુસ્તક પ્રસારક અને સમાજસેવક પ્રતાપભાઈ પંડ્યા અને તેમનાં શિક્ષિકા ધર્મપત્ની રમાબહેન પંડ્યાનું વિવિધ ક્ષેત્રમાં એટલું માતબર અને અનોખું પ્રદાન છે કે ગુજરાત કાયમ તેમનું કૃતજ્ઞ રહેશે. આ દંપતીએ ગુજરાતનાં વિવિધ ગામોમાં શિક્ષક તરીકે જે કામ કર્યું છે તેનો જોટો જડવો મુશ્કેલ. સને ૧૯૬૪ અને ૧૯૭૪ દરમિયાન રમાબહેન અને પ્રતાપભાઈ ચાર બાળકોનાં માતા-પિતા બન્યાં.

પ્રતાપભાઈના જીવનની વિશેષતા એ હતી કે તેઓ માત્ર શિક્ષક બનીને બેસી નહોતા રહ્યા. બેસવું તો તેમના સ્વભાવમાં જ નહોતું. અનેક ગામોને બેઠાં કરવાનાં હોય ત્યાં બેસી રહે કેમ પાલવે ? તેમણે અનેક ગામોને તેમણે આદર્શ બનાવ્યાં હતાં. અરે લોકશક્તિની મદદથી તેમણે નદી ઉપર પુલ પણ બનાવ્યો હતો. આખા ભારતમાં એ પહેલો પુલ હતો જે લોકોએ આપમેળે બનાવ્યો હતો. અનેક ગામોમાં અછૂતોને સમાજથી અળગા રાખવાના રૂઢિગત કુરિવાજમાં પણ તેમણે હિંમતથી સુધારા કર્યા. તેમની સામે એક જ નિશાનઃ સમાજનો ઉત્કર્ષ થવો જોઈએ. અરે, મુસ્લિમ કોમનાં બાળકો શાળામાં ઓછી સંખ્યામાં દાખલ થતાં હતાં તો તેમણે મુસ્લિમોના ઘરે ઘરે જઈ એમને શિક્ષણનું મહત્વ સમજાવ્યું અને બાળકોને શાળામાં દાખલ કરાવ્યાં.

પ્રતાપભાઈએ પુસ્તક પરબની સ્થાપના કરીને ઘર પુસ્તકાલયોનો પ્રારંભ કર્યો. તેમણે અમરેલી ઉપરાંત, ભાવનગર, વડોદરા, રાજકોટ, જૂનાગઢ, સુરેન્દ્રનગર, ગાંધીનગર અને છેક અમેરિકામાં ઘર પુસ્તકાલયો શરૂ કર્યાં છે. ૧૫વર્ષમાં ત્રણ કરોડ રૂપિયાથી વધુનાં પુસ્તકો તેમણે સમાજમાં તરતાં મૂક્યાં હતાં. અમેરિકાસ્થિત તેમની દીકરી મનીષાબહેને એ માટે કરોડો રૂપિયાનાં દાન આપ્યાં. તેમની પુસ્તકાલયની પ્રવૃત્તિને કારણે તેમને ગુજરાત પુસ્તકાલય મંડળના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા. મનીષાબહેન અમેરિકામાં વસે છે. નાની ઉંમરે અમેરિકાની જાણીતી અને પ્રતિષ્ઠિત કંપની બ્રોડકોમ કોર્પોરેશનના તેઓ ઉચ્ચ હોદ્દા પર બેઠાં છે. સામાજિક પ્રતિબદ્ધતા અને નિસબતનો પિતાજીનો વારસો તેમનામાં પણ ઊતર્યો છે. તેઓ પોતાના પિતા પ્રતાપભાઈ વિશે કહે છે કે મારા પપ્પા એટલે મારો આદર્શ. મારી પ્રેરણામૂર્તિ અને મારી હિંમત.

અજંપો અને બેચેની તેમને બેસવા જ ન દે ! વડોદરામાં થોડાક મિત્રો સાથે મળીને તેમણે 'સૂરવાણી' નામે સંસ્થાની શરૂઆત કરી હતી. આ સંસ્થાના ઉપક્રમે તેમણે ભીખુદાન ગઢવી, શાહબુદીન રાઠોડ, દિવાળીબેન ભીલ, પ્રફુલ્લ દવે જેવા ગાયકોના કાર્યક્રમો આયોજિત કર્યા. લોક-સાહિત્યની ઊંડી રુચિ પણ કેળવી. એમાંથી જ તેમને વધારે અભ્યાસ કરવાની પ્રેરણા મળી. પોતાના આયુષ્યના સાઠમાં વર્ષે એમણે 'લોકસાહિત્ય દ્વારા માનવમૂલ્યોનું જતન' વિષય ઉપર નિબંધ લખીને પીએચ.ડી. ની ડિગ્રી મેળવી હતી.

તેઓ નીવડેલા લેખક પણ હતા. 'લાગણીનો દસ્તાવેજ', 'શિક્ષણ જ્ઞાનની પરબ', 'સો ડગલાં સુખનાં', 'રવિશંકર મહારાજ'અને 'વેદવાણી' જેવાં જીવનલક્ષી પુસ્તકો તેમણે લખ્યાં હતાં, જે ખૂબ વંચાયાં હતાં.

તેઓ જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી સતત કામ જ કરતા રહ્યા હતા. આયુષ્યના ૮૩મા વર્ષે પણ તેઓ સમાજ માટે સતત નવું કરવા પ્રયાસ કરતા હતા. તેમની પુસ્તક પરબની પ્રવૃત્તિ જબરજસ્ત ચાલી હતી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મનકી બાતમાં તેમનો અને તેમના કાર્યોનો સવિશષ ઉલ્લેખ કર્યો હતો તો ગુજરાત સરકારે તેમને ગુજરાત ગૌરવ એવોર્ડથી પોંખ્યા હતા. ખરેખર તો તેમની કામગીરી પદ્મશ્રી એવોર્ડથી સહેજે ઉતરતી નહોતી. ભિક્ષુ અખંડઆનંદ, સયાજીરાવ ગાયકવાડ, મોતીભાઈ અમીન, મહેન્દ્ર મેઘાણી વગેરેની પગંતમાં માનભેર બેસી શકે તેવી પુસ્તકાલય પ્રવૃતિની કામગીરી તેમણે કરી હતી. આ ઉપરાંત ગ્રામોત્થાન અને કેળવણીની અસરકારક કામગીરી તો ખરી જ ખરી.

સ્વ. પ્રતાપભાઈ પંડ્યાએ રવિશંકર મહારાજ વિશે, તેમનં જીવન-ચરિત્ર લખ્યું હતું એટલું હીં, મહારાજ કહેતા કે ઘસાઈને ઉજળા થઈએ, તે વિચાર વિધાનને તેમણે જીવી પણ બતાવ્યું હતું. અમેરિકાસ્થિત તેમનાં દીકરી મનીષાબહેને પોતાના પિતાનો સંસ્કાર-વિચાર અને કાર્ય વારસો સુપેરે સંભાળી લીધો છે એ ગુજરાત માટે આનંદની વાત છે. નવી સવારના આગામી લેખમાં મનીષાબહેન વિશે જાણીતું. ગુજરાતી માધ્યમમાં ભણેલી એક દીકરી લાખો દીકરીઓની પ્રેરણા બની શકે તેમ છે.

**ગોધૂલિઃ**

**સમાજ માટે જે લોકો ઘસાઈને ઊજળા થયા હોય તેની યથાયોગ્ય કદર કરવી એ સમાજ અને સરકાર બન્નેની ફરજ છે.**